# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925...

સળંગ વર્ષ ૯૫મું

FORTNIGHTLY

VOLUME : 23 • ISSUE : 07 • PAGES : 28 • MUMBAI • DATE : 05TH NOVEMBER 2020 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com




ગૌરવમય પુસ્તક મેળવવાનું સ્થળ

REGD. NO. F-15249
MANAV JYOT
માનવજ્યોત
PUBLIC CHARITABLE TRUST

ડોનેશન
**રૂા. ૫૫૫/-**
પાના ૪૨૫

## શ્રી ક.દ.ઓ. સ્વાતંત્ર વીરો ને સત્ સત્ સલામ






જન્મ :
તા. ૩-૦૭-૧૯૩૨

અરીહંત શરણ :
તા. ૨૫-૦૯-૨૦૧૧

## માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા

-: સૌજન્ય :-

## માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર

મુંબઈ - રાપરગઢવારી

વહેલો તે
પહેલો ધોરણે
કુલ પુસ્તકો
૨૦૦ નંગ

**નિત્યાનંદ એપાર્ટમેન્ટ, ડૉ. આર.પી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.**

**સમય : ૧૦ થી ૧ કલાકે • સોમવાર થી શનિવાર**

-: બેન્ક વિગત :-

એકાઉન્ટ નામ : માનવજ્યોત
બેન્ક નામ : બેન્ક ઑફ બરોડા, મુલુંડ (વેસ્ટ).
A/c. No. : 009411021594
IFSC CODE : BARB0DBMULW

**કુલીન સી. લુઠીયા**
98200 39469

**સતીશ હરીયા**
98330 69096

**તંત્રી સ્થાનેથી**

# જ્ઞાતિની સફળતાની બીજી બાજુ વિશે પણ વિચારીએ

- ડૉ. હીરાચંદ દંડ - 7738508150



ઘણી વખત આપણે વિચારીએ છીએ કે આપણી જ્ઞાતિએ ખૂબજ સારી પ્રગતિ કરી છે. આપણી જ્ઞાતિ પાસે એવું ઘણું બધું છે કે જે અન્ય જ્ઞાતિઓ પાસે નથી. આપણી સંખ્યા ફક્ત ૩૨૦૦૦ જેટલી જ છે છતાં પણ અન્ય વધુ સંખ્યા ધરાવતી જ્ઞાતિઓ કરતા વધુ સારી સફળતાઓ-સિધ્ધિઓ પ્રાપ્ત કરી છે. આપણી પાસે હુબલી, ગદગ તથા ધુલિયામાં પોતાની શાળાઓ છે. જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે મુંબઈમાં વિદ્યાર્થીગૃહ છે તથા દિકરીઓ માટે મુંબઈ તથા જામનગરમાં કન્યા છાત્રાલય છે. મુંબઈ, હુબલી, ગદગ તથા અન્ય શહેરોમાં તેમજ કચ્છમાં જ્ઞાતિજનો માટે રહેઠાણ સંકુલો પણ છે. દેરાસરો તથા ધર્મશાળાઓ, અતિથીગૃહોનું નિર્માણ પણ અનેક સ્થળે કરવામાં આવ્યું છે. અનેક જ્ઞાતિજનોએ ખૂબજ ઉચ્ચ સફળતાઓ પ્રાપ્ત કરી છે તેમજ વિકાસ તથા પ્રગતિના માર્ગે અગ્રસર છે જે ખૂબજ ગૌરવપ્રદ બાબત ગણી શકાય.

આની સાથે સાથે બીજી બાજુ જોઈએ તો આપણા અનેક જ્ઞાતિજનો તેમના જીવન નિર્વાહ માટે મથી રહ્યા છે. પોતાના પરિવારની આવશ્યક જરૂરતો માટે પણ ઝઝુમી રહ્યા છે. તેમની સંખ્યા પણ ઘણી મોટી છે. આ માટે કંઈક નક્કર કરવાનો આ સમય છે જેથી તેઓ સ્વાવલંબી બની પોતાનું જીવન સારી રીતે જીવી શકે. જ્ઞાતિના ઉપરોક્ત બન્ને વિભાગો વચ્ચે ખૂબ મોટું અંતર આર્થિક રીતે છે. આપણે સૌએ સાથે મળી આ અંતર ઓછું કરવાના પ્રયાસ રૂપે આર્થિક રીતે નબળા પરિવારોની આર્થિક સ્થિતી સુધારવા માટે કટિબધ્ધ થવું જરૂરી છે. અનેક જ્ઞાતિજનો નાના પગારની નોકરી કરી ગુજરાન ચલાવે છે. તેમને સારા પગારની નોકરી આપવી જોઈએ અથવા નાનો ધંધો શરૂ કરવા તક આપવી જોઈએ.

આજે કોરોના કાળમાં અનેક જ્ઞાતિજનોની નોકરી છૂટી ગઈ છે અથવા ઓછા પગારે કામ કરવું પડે છે તેમને તત્કાલ મદદ તથા ટેકાની જરૂર છે. આ માટે ભારતભરના આર્થિકરીતે નબળા જ્ઞાતિજનોને મદદરૂપ થવા, તેમને ઉંચે લઈ આવવા મધ્યસ્થ યંત્રણા ઉભી કરવી જરૂરી છે. એક વાર જો આ વિભાગના જ્ઞાતિજનો પ્રગતિ સાધી લેશે તો ભવિષ્યમાં એમને આપણા ટેકા કે મદદની જરૂર નહિં પડે, કારણ કે તેઓ સ્વાવલંબી બની જશે અને પોતાના રહેઠાણ, આરોગ્ય તથા બાળકોના શિક્ષણની જવાબદારી પોતે જ ઉપાડી શકશે. સમગ્ર જ્ઞાતિના ઉત્કર્ષને કોઈજ રોકી નહિં શકે. આવો, આપણે સાથે મળી પ્રગતિનો માર્ગ પ્રશસ્ત કરીએ.

આ અગાઉના એક અંકમાં મેં જ્ઞાતિના મુંબઈ વસતા જ્ઞાતિના કેટલાક તેજસ્વી તારલાઓ વિશે લખેલું હતું. આગામી અંકોમાં ભારતના અન્ય વિસ્તારોમાં કાર્યરત આવા તેજસ્વી સિતારાઓનો પરિચય પણ આપીશ.

આપ સૌ જ્ઞાતિજનોને શુભ દિપાવલી તથા નૂતન વર્ષના અભિનંદન.

**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઈશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઈલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઈલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઈ શકાય.

**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## આદ્યતંત્રીઓ

''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના  ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
રાયચંદ રતનશી નાગડા
પંકજ પ્રતાપ શાહ
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
શૈલેશ સનત્ શાહ
કેશરસિંહ આણંદજી ખોના
જયંત વિશનજી છેડા
તિલકચંદ કુંવરજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ – ૨૩ અંક નં. ૦૭**
**Date : 05-11-2020**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane, Opp. Shastri Nagar,
Pant Nagar, Ghatkopar (E),
Mumbai - 400075.
Tel.: 022-2508 4463 / 64 / 65
E-mail : kdoprakash@gmail.com

સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ ફક્ત
રવિવાર અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 2508 4464 / 2508 4465**
**Mob.: 98211 54326**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**


## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૨૧

**લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭**



(ગતાંકથી ચાલુ...)

**''હા પસ્તાવો વિપૂલ ઝરણું, સ્વર્ગથી ઉતર્યું છે;**
**પાપી તેમાં ડુબકી દઈને, પુણ્યશાળી બને છે.''**

-(કવિ કલાપી)

કવિ કલાપી એટલે **સુરસિંહજી તખ્તસિંહજી ગોહીલ**, લાઠી રાજ્યના નરેશ જેમનાં ભાવુક હૃદયથી વહેલ અનેક કવિતાઓએ ગુજરાતી કાવ્ય જગતને સમૃદ્ધિ બક્ષી છે. કલાપી કચ્છનાં ''રોહા'' જાગીરનાં જમાઈ થાય તેથી તેમના વિશે ''જૈન ધર્મની'' આ શ્રેણીમાં બે શબ્દો વધુ લખવા અસ્થાને નહીં ગણાય.

શોભના દાસી વળામણામાં કુંવરી બાની સેવામાં સાથે ગઈ અને એજ કદાચિત કલાપીની હૃદયદ્રાવક કવિતાનું કેન્દ્ર અને મૃત્યુનું કારણ બની. યાદ કરો એ શાળામાં ભણેલી, ગોખેલી અને હજી પણ આછી-આછી કંઠસ્થ કવિતાની પંક્તિઓ ''**રે પંખીની ઉપર પથ્થરો ફેંકતા ફેંકી દીધો**'' કે પછી ખંડકાવ્ય ગ્રામ્યમાતાનું અદ્‌ભૂત સર્જન ''**રસહીન થઈ છે ધરા, કે દયાહીન થયો છે નૃપ.**''

તેમની આ પંક્તિઓમાં આવતો મર્મ એટલે કે ''પસ્તાવો'' એટલે કે જૈન ધર્મમાં મારી દ્રષ્ટિએ આલેખાયેલ ''પ્રતિક્રમણ''તરફ આગળ વધીએ.

પ્રતિક્રમણ વિશે વિસ્તૃત ચર્ચા કરતાં પહેલાં મારા બાલ્ય માનસ પર, તે પછી હું સમજણો થયો ત્યારે યુવા અવસ્થામાં અને આજની તારીખમાં આ ક્રિયા વિશે મારા અનુભવ ઉપરથી કાંઈક વાતો મુકીશ તે કદાચ આપ સૌએ પણ આપનાં જીવનમાં અનુભવી હશે.

અમારા કુટુંબમાં **અર્ધ જૈન ધર્મ**નું પાલન થતું. મારા માતૃશ્રી સદાય ચૌવિહાર કરતા અને સવારનાં રાઈ પ્રતિક્રમણ. અમારું બાકીનું કુટુંબ પર્વાધિરાજ પયુર્ષણના સાત દિવસ પિતાશ્રીની રાહબરી હેઠળ ઘરેજ પ્રતિક્રમણ કરતા અને ૭ વર્ષની મારી ઉંમર સુધી મને તેમાંથી બાકાત રાખવામાં આવતો. બાકીના કુટુંબના સભ્યો આ દિવસમાં ચૌવિહાર કરતાં અને પર્વાધિરાજ પયુર્ષણને અનુરૂપ ક્રિયાઓ કરતાં- જેમકે ઉકાળેલું પીવાનું પાણી વાપરતા, કંદમૂળનો ત્યાગ, કોટ હોલીચકલામાં આવેલ શ્રી શાંતિનાથજીના દેરાસરના દર્શનનો લાભ અને વ્યાખ્યાનનું શ્રવણ. મસ્જીદ બંદર પર આવેલ શ્રી અનંતનાથજીના દેરાસરમાં ''સપનાં'' ઉતારવાની પ્રક્રિયામાં પણ સામેલ થતા. હું પણ તેમની સાથે જોડાતો.

આ સપનાં ઉતારવાની બોલી ઘૃત-મણમાં બોલાતી ત્યારે કેટલાક શ્રેષ્ઠીઓ વચ્ચે ''લક્ષ્મીજી'' અને ''વહાણના'' સપના ઉતારવવા માટે થતી બોલીમાં ચડસા-ચડસી જોવાની મજા પડતી. પણ ''સ્વર્ગની બારી'' ખોલી તેમાંથી શું કામ સપના ઉતારવવામાં આવે છે એની મારી જિજ્ઞાસાને કોઈપણ તરફથી સંતોષપૂર્વક જવાબ મળતો નહીં - આજે પણ મળતો નથી.

અહીં કવિશ્રી તેજનાં એક માર્મિક મુક્તકનો ભાવાર્થ યાદ આવે છે. પર્વાધિરાજ પર્યુષણમાં આપણે ''મોક્ષની બારી ખોલી તેમાંથી સપના જ ઉતારીએ છીએ.'' આ મુક્તક તમને જડે તો મને જરૂરથી મોકલશો.

પ્રતિક્રમણ વિશે યુવાવયમાં સમજણો થયો ત્યારથી તેમાં આવતા છ આવશ્યકની ક્રિયાઓ અન્ય વડિલો કરે તેમ તેનું અનુકરણ કરતો પણ કાંઈ વધુ પલ્લે પડતું નહીં.

છેડા પડિલેહણની ક્રિયામાં ખોટી રીતે મુહપત્તીથી ક્રિયા કરતો, ૪૦ લોગસ્સના કાઉસ્સગમાં ''લોગસ્સ આવડતું નહીં એટલે **એક લોગસ્સ = ૪ નવકાર** ગણવા એવું ફરમાન માથે ચઢાવતો, પણ ભાગ્યે જ ૧૬૦ નવકાર ગણતો. થોડીવાર થાય એટલે આંખ મટકાવી જોઈ લેતો કે બાકી લોકોના ''કાઉસ્સગ'' પૂરા થયા છે કે નહીં, અને ૭૦ ટકાથી ઉપરના પ્રતિક્રમણ કરનારાના લોગસ્સ પુરા થયા હોય તો મારા કાઉસ્સગ પુરા થયા એમ જાહેર કરતો.

હું બારથી પંદર વર્ષનો થયો ત્યારે વાંદણા દેતા વચ્ચે ''જ-ત્તા-ભે-જ-વ-ણિ-જ્જં-ચ-ભે ખામેમિ ખમાસમણો'' અને શ્રાવકતણા બાર અતિચારના ઉદ્‌બોધન વખતે છેલ્લે બોલાતું ''જે કોઈ અતિચાર આ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મન વચન કાયાએ કરી મિચ્છા મિ દુક્કડમ્.'' બોલવાની મજા પડતી.

આ અને આવી ઘણી બાબતો સમજાતી નહીં પણ અન્ય લોકોનું અનુકરણ કરતો રહેતો. પ્રતિક્રમણનો સાચો અર્થ, ભાવાર્થ અને તેની પાછળ રહેલી ભાવના સમજવા માટે યોગ્ય ગુરુની જરૂરત હતી. **અને મારા સદ્‌ભાગ્યે ૭૨ જિનાલયમાં બિરાજમાન મુનિશ્રી ભાગ્યોદયસાગરજી મ.સા. મળ્યા.**

(વધુ આવતા અંકે...)

## ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા અંક ૧૨,૧૪,૧૫ તા. ૨૦ જાન્યુઆરી થી ૦૫ માર્ચ ૨૦૨૦ અંકોમાં લેખક શ્રી સોમ ધરમશીના ''જૈન ધર્મ મારી દૃષ્ટીએ'' મણકો ૬-૭-૮ના લેખ ઉપર વિચાર.




શ્રી સોમભાઇ ધરમશી, આજ સુધીના (મણકો-૧૬ સુધીના) લેખોમાં જૈન ધર્મ ઉપર કોઇ ખાસ પ્રકાશ પાડવામાં આવેલ નથી અને તે છતાંય આપના લેખનું શિર્ષક જૈન ધર્મ મારી દૃષ્ટિએ એમ છે. એના પાછળ આપશ્રીનો ઉદ્દેશ બધા ધર્મો ઉપર વિચાર કરી તેમાંથી કોઇ એક ધર્મનો માર્ગ શ્રેષ્ઠ છે એમ સ્થાપિત કરવા માગો છો કે બધા ધર્મોનું સમન્વય કરીને કોઇ નવા ધર્મનું માર્ગ પ્રસ્તાવિક કરવા માગો છો? કૃપા કરીને સમજાવશો.

કોવિડ-૧૯ ના કારણે મણકો-૮ પછી મને મણકો-૧૫-૧૬ વાંચવા મળેલ છે એટલે લખાણ કરવામાં મોડું થયેલ છે તે બદલ ક્ષમા.

**મણકો-૬ - ધર્મ :** આત્માના સત્ય પ્રમાણે વિવેકમાં સ્થિર થઇને જીવનમાં ચાલવું તેનું નામ ધર્મ એવી વ્યાખ્યા આપશ્રી એ કરી છે.

હવે પ્રશ્ન એ થાય છે કે આત્માનું સત્ય શું ? અને જ્યાં સુધી એ સત્ય ન સમજાય તો એમાં વિવેક કેવી રીતે કેળવવું ? એના ઉપર સવિસ્તર પ્રકાશ પાડશો તો વધારે યોગ્ય રહેશે. ધર્મ શબ્દ ધૃ ધાતુમાંથી નિકળેલ છે જેનો અર્થ વસ્તુને ધારણ કરનાર થાય છે. એ વાત બરાબર છે.

જૈન ધર્મના ગ્રંથોમાં દ્રષ્ટિપાત કરવામાં આવે તો જોવા મળશે કે ધર્મની અલગ-અલગ વ્યાખ્યો ખુબજ સુંદર અને સારી રીતે કરવામાં આવેલ છે.

૧) ''દુર્ગતિ પ્રપતત પ્રાણિનં ધારયતિ ઇતિ ધર્મ''

દુર્ગતિમાં પડતા આત્માને (જીવોને) બચાવી તેને ધારણ કરે / તેઓનું રક્ષણ કરે અને સદ્ગતિમાં સ્થાપન કરે તે ધર્મ.

૨) આત્મા બે પ્રકારના હોય છે એક પરમ અને બીજો અપરમ.

પરમ : સકલ કર્મનો ક્ષય થઇ જવાથી ઉપલબ્ધ જ્ઞાન પ્રકાશમાં જેમણે સમગ્ર લોક અને અલોકને જોયો છે - આદી - એટલે કે જેમણે કેવલજ્ઞાન પ્રાપ્ત કરેલ છે એવા આત્મા (જીવો) પરમ - આત્મા છે. તેમના સિવાયના બીજા બધાજ અપરમ આત્મા છે.

અપરમથી પરમ બનવાની આરાધના/સાધના એજ ધર્મ છે.

૩) જે અનુષ્ઠાન અવિરૂદ્ધ વચનથી પ્રતિપાદિત હોય, જે યથોચિત કરાતું હોય અને મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવથી કરાતું હોય તે અનુષ્ઠાન - તે ક્રિયા - ધર્મ કહેવાય છે.

૪)''યતોઽભ્યુદયનિઃ શ્રેયસ સિદ્ધિઃસ ધર્મ''

જેનાથી અભ્યુધ્ય અને નિઃશ્રેયસની સિદ્ધિ થાય તે ધર્મ.

અભ્યુદય એટલે પૌદ્ગલિક આબાદી, નિઃશ્રેયસ એટલે આધ્યાત્મિક શ્રેય. ધર્મથી જેમ આધ્યાત્મિક શ્રેય સધાય છે તેમ પૌદ્ગલિક આબાદીનું કારણ પણ ધર્મ છે. પૌદ્ગલિક આબાદી એટલે ભૌતિક ઉન્નતિ, ભૌતિક સુખોની સિદ્ધિ.

પુદ્ગલ (જડ પદાર્થ)ના સંયોગથી થનારા સુખો એ ભૌતિક સુખો છે અને કોઇપણ પુદ્ગલના સંયોગ વિના કેવળ આત્મ પદાર્થથી ઉત્પન્ન થનારૂં સુખ એ આધ્યાત્મિક સુખ છે.

**મણકો-૬ :** સંત કબીરે ઇશ્વરની અથાગ શોધ કરી ધર્મ પામવાની કોશિશ કરી પણ અસફળ રહ્યા... સંતનું બિરૂદ્ધ પામ્યા. પણ સરળતાથી જીંદગી જીવવાનો રાહ મળ્યો અને તેનેજ તેઓ ધર્મ માનતા. આ થયો સંત કબીર વિષે આપશ્રીનો મત.

જૈન દર્શનના પ્રમાણે એકજ ભવમાં કે એજ ભવમાં પરમ-પદ (ઈશ્વર)ની પ્રાપ્તિ કરવી અપવાદ રૂપે શક્ય હોઇ શકે પણ (લગભગ) બાકી તો જેમણે પણ પરમ-પદ ની પ્રાપ્તિ કરી છે તેમના અનંત ભવો થયા છે.

મણકો-૬ : મોટા ભાગના માણસો ને હું કેટલો ધાર્મિક છું એનો દેખાડો કરવામાં રસ છે અને અખા ભગતની એક કવિતા નો ઉલ્લેખ છે.

ધાર્મિકતાનો દેખાડો કરવા બાબતનું વિધાન યોગ્ય લાગતું નથી. જ્યારે આપણે એક આંગળી કોઇના તરફ ચિંધીએ ત્યારે ત્રણ આંગળીઓ આપણી સામે હોય છે. કોઇની પણ નિંદા કરવી એ બરોબર જણાતું નથી. અખા ભગતે એ કવિતા ક્યા કારણસર લખી છે એની મને જાણ નથી પણ એ કવિતાનો ઉલ્લેખ કરી આપશ્રીએ વિવેચન કરેલ કે માળા ફેરવવાથી શું વળે ? વિગેરે અને છેલ્લે નિષ્કર્ષ ઉપર આવ્યા કે આપણે જે બધી ક્રિયાઓને ''ધર્મ'' માનીએ છીએ તે બીજુ કાંઇપણ હોઇ શકે પણ ધર્મ તો નથી જ. પણ આપશ્રીની જાણ માટે કે જૈન ધર્મમાં જ્ઞાની ભગવંતો એ જે

પણ ક્રિયાઓ કે અનુષ્ઠાનો બતાવી ગયાં છે તે બધીજ ક્રિયાઓ અર્થ સભર છે.

હવે આપણે થોડા વિસ્તારથી વિચાર કરીએ કે દેરાસર જવું, દર્શન કરવા, તિલક કરવો, પ્રાર્થના કરવી, માળા ફેરવવી - વિગેરે વિગેરે ક્રિયાઓ ખોટી છે કે ક્રિયા કરવામાં આપણી ખામી છે ? જેનો ખુલાસો આપશ્રી એ મણકો-૭ માં પ્રાર્થના વિષય ઉપર ખુબજ સુંદર રીતે કરેલ છે. તે આ પ્રમાણે ''શું આપણે મંદિર કે દેરાસરજીમાં જઇ પ્રભુ દર્શન કરતાં કરતાં પ્રાર્થનામાં ઓત પ્રોત થઇએ છીએ ? ...
ત્યારે જવાબ મળશે કે આપણી પ્રાર્થના નિષ્ફળ કેમ જાય છે ? આના ઉપરથી જ એ નિષ્પન્ન થાય છે કે ક્રિયાઓ ખોટી નથી જ પણ ક્રિયા કરવામાં આપણી ખામી છે. એટલેજ જ્ઞાની ભગંવતો કહી ગયા છે જ્ઞાન શૂન્ય ક્રિયા કરનાર ક્રિયા જડ કહેવાય છે. આમાં ક્યાંય ક્રિયાનો દોષ નથી બતાવ્યો પણ કરનારનો દોષ બતાવેલ છે.

જ્ઞાની ભગવંતો એ તત્વાર્થસૂત્રમાં ''જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ'' એટલે જ્ઞાન સાથેની ક્રિયાનું સમન્વય મોક્ષ અપાવનાર છે. કેવળ ક્રિયા કે જ્ઞાન મોક્ષ પ્રાપ્ત કરવામાં સહાયક થતા નથી. બન્નેનો સન્મવય આવશ્યક છે એમ જ્ઞાની ભગવંતોનો મત છે. એટલે ક્રિયાઓ ખોટી છે એમ માનવું ઉચિત નથી.

મણકો-૮ : પરમ ચૈતન્ય કોઇનો એકાધિકાર નથી એ વાત તદન સાચી લાગે છે. કારણ કે જૈન દર્શનની એ મહાનતા છે કે આ વાતની પુષ્ટિ કરતાં - જણાવે છે કે જીવ (આત્મા) માત્ર પરમ-પદ પ્રાપ્ત કરવા યોગ્યતા ધરાવે છે. માત્ર એને સાચી દિશામાં પુરૂષાર્થ કરવો જોઇએ.

મણકો-૮ : પુ વિનોબાજી કહેતા કે... આવન જાવન માટે બે ત્રણ દરવાજા રાખનાર... પરમ ચૈતન્યમાં પ્રવેશ માટે એકજ ધર્મનો- સંપ્રદાયનો દરવાજો કેમ રાખતા હશે.

બધા જ ઘરોમાં મુખ્ય પ્રવેશદ્વાર એકજ હોય છે બીજો દરવાજો કામવાળા માટે કે અન્ય કારણસર રાખતા હોય છે. પણ આજના કાળમાં ફ્લેટમાં આવન-જાવન માટે એકજ દ્વાર હોય છે. (પૂ. વિનાબાજી ના કાળમાં ફ્લેટ પ્રથા ન હોવી જોઇએ.)

### વિશેષ નોંધ :

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

મણકો - ૬ : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - આ ચાર પુરૂષાર્થ બાબતનો ગોરજી મહારાજનો તુકો કે તર્ક વ્યાજબી નથી. શું ચોથા ફેરા પછી કોઇને મોક્ષ પ્રાપ્ત થયેલ છે ? માનવ જીવનના આ ચાર પુરૂષાર્થ મારી સમજ પ્રમાણે અર્થ અને કામ પુરૂષાર્થ મનુષ્યે ધર્મને લક્ષમાં રાખીને કરવાના છે અને ધર્મ દ્વારા જ મોક્ષ પ્રાપ્તિ માટેનો પુરૂષાર્થ કરવાનો છે.

પરમ ચૈતન્યમાં પ્રવેશ માટે જુદા-જુદા ધર્મનો વિચાર મને અસ્થાને લાગે છે. કોઇ પણ ધર્મનો ઉંડાણપૂર્વક મર્મ પામવા માટે સદગુરૂની કૃપા અને માર્ગદર્શન અવશ્ય જોઇએ. અને જે ધર્મ આપણને જન્મથી જ પ્રાપ્ત થયેલ છે એનું અલ્પ જ્ઞાન પણ આપણામાં નથી તો અન્ય ધર્મનો વિચાર ક્યાંથી કરી શકાય આપશ્રી ધર્મના પરિક્ષેપમાં શું શ્રેષ્ઠ છે - અને સત્યની ખોજમાં ધર્મ સાગરના તળિયે જઇ અમુલ્ય રત્નો પ્રાપ્ત કરવાનો પ્રયાસ કર્યો છે તો પ્રભુ ચરણે એજ પ્રાર્થના કે સત્યની શોધમાં આપશ્રીને સફળતા પ્રાપ્ત થાય. બાકી આ પ્રયાસમાં હું સાથ આપી શકીશ કે નહી એની મને શંકા છે. કારણ કે બધા ધર્મોનું સાર રૂપી માખણ કાઢવાની બૌદ્ધિક ક્ષમતા હું ધરાવતો નથી અને જે ધર્મ ને હું પામ્યો છું એનું સંપુર્ણ જ્ઞાન તો શું પણ અલ્પ જ્ઞાન પણ મારામાં નથી. કેવળ વિતરાગ પ્રભુના વચન ઉપરની શ્રધ્ધા અને એમના પ્રરૂપેલા ધર્મના અલ્પાતીઅલ્પ જ્ઞાનથી મેં જે કાંઇ લખ્યું છે તે દ્વારા આપશ્રી કે અન્ય કોઇનું પણ મનદુઃખ થયું હોય તો હું ક્ષમા પ્રાર્થી છું. **- વિનોદ ખીમજી લોડાયા,** કોઠારા-ઔરંગાબાદ

મો.: 94222 02546

---

## પ્રકાશ સમીક્ષામાં નવલબેનના સંઘર્ષ વિષેનો લેખ વાંચ્યો એમને ધન્યવાદ છે.

પહેલા જ્યારે ભાઇઓ એકલા નોકરી કરતા હતા અથવા તો દૂર પરામાં રહેતા હતા અને મસ્જિદબંદર કામ કરવા આવતા હતા ત્યારે આપણી ઘણી બેનો પોતાના કુટુંબનું ભરણ પોષણ કરવા લોજ જમાડતા અને જમવાવાળાને કુટુંબના સભ્યની જેમ સાચવતા. ત્યારે ઘણા ભાઇઓ પોતાના ઘર ન હોવાથી એવી લોજમાં જમતા. તેઓએ પણ સંઘર્ષ કરીને છોકરાંઓને મોટા કરેલ છે. હાલમાં પણ ઘણી બેનો ઘર ચલાવવા કોઇ ખાખરા બનાવે છે , કોઇ લોજ, કોઇ મંડળમાં કામ કરે છે એવી સર્વે બેનોને ખરેખરા ધન્યવાદ છે. પોતાના પગભર ઊભા રહેવા, જેઓ ભણેલા નથી પણ કુટુંબનું અથવા પોતાનું ભરણ પોષણ કરવા કંઇને કામ કરે છે તેમને સર્વેને મારા વતી ધન્યવાદ.

**- ધનબાઇ લખમશી મોતા,** મુલુંડ

## અતીતની અટારીએથી

# "ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર (૬)"


સોમ ધરમશી

મો. 97267 76627




(ગતાંકથી ચાલુ...)

ગોદામમાંથી બહાર નીકળતા જ સામે ચારથી પાંચ સ્ટીમર લંગર નાખી ઉભી હતી. તેમાંથી બે સ્ટીમર યાત્રીકોને લઈ જનારી લાગતી હતી, જ્યારે ત્રણ સ્ટીમર માલ-સામાન લઈ જનારી. ઊંટડા (Crane)થી એ સ્ટીમર પર સામાન ચડાવવામાં આવતો હતો. દરેક સ્ટીમર પર તેમના દેશના વાવટા, નેવીના વાવટા અને કંપનીના વાવટા દ્રશ્યમાન થઈ રહ્યા હતા. એક અજબ-ગજબની ચહલ-પહલ પ્લેટફોર્મ ઉપર અને સ્ટીમર પર થઈ રહી હતી.

અમારી મહાકાય સ્ટીમર પર જવા માટે પ્લેટફોર્મ પરથી પાંચથી છ ઠેકાણે ચડવા નીસરણી સ્ટીમર પર ગોઠવાયેલી હતી. સામે જ લખમશી હમાલનો માણસ ઉભો હતો અને અમે બધા એની સાથે થઈ ગયા. સ્ટીમર એકદમ પ્લેટફોર્મને અડકીને ઉભી હતી, પણ સ્ટીમરની ઉચાઈ પ્લેટફોર્મથી ૬ થી ૮ ફુટ હતી. નીસરણી ઉપરથી સ્ટીમરમાં કેવી રીતે જઈશ ? ક્યાંક દરિયામાં પડીતો નહી જવાય ને ? આવા વિચારોના કારણે મેં મારી બહેનની આંગળી પકડી રાખી હતી.

ત્યાં તો અચાનક લખમશી હમાલના માણસે મને ઉચકી લીધો અને સડસડાટ નીસરણી પર ચડી સ્ટીમરમાં દાખલ થઈ ગયો. અમારા માટે જ્યાં જગ્યા રોકેલ હતી, ત્યાં મને મુકી દીધો. મારી નજર માતૃશ્રી અને બહેન પર હતી, જે ધીરે ધીરે સંભાળીને અન્ય યાત્રીકો સાથે નીસરણી પર ચડી સ્ટીમરમાં આવતા હતા.

માતૃશ્રીએ અમારા ગોઠવાયેલ બધા સામાનની ગણતરી બે વાર કરી લીધી અને હમાલે જગ્યા રોકી હતી તેનું વ્યવસ્થિત નિરીક્ષણ કરી લીધું. અને પાકીટ ખોલી લખમશી હમાલના માણસને રૂા. ૧૦/-ની બક્ષિસ આપી !!!

હું સ્ટીમરનું બેઠા-બેઠા નિરીક્ષણ કરવા લાગ્યો. સ્ટીમરનો આગળનો ભાગ ટુંકો હતો અને ત્યાં ઉપર જવાનો રસ્તો બંધ હતો. અમે જ્યાં બેઠા હતા ત્યાં ઉપર તાલપત્રી બાંધેલી હતી, પણ આગળ તુતકનો ભાગ ખુલ્લો હતો. એક નીસરણી ઉપરથી કેટલાક લોકો સ્ટીમરનાં પેટાળમાં જઈ રહ્યા હતા.

સ્ટીમરમાં મુસાફરી કરવાના ત્રણ પ્રકારના વર્ગો હતા. **(૧) કેબીન :** જે સૌથી ઉપરના ભાગમાં રહેતી તેમાં બે પથારી, એક નાનકડો વૉસરૂમ અને એક બારી રહેતી, **(૨) ડેક :** ડેક ઉપર લાકડાનું ફ્લોરીંગ રહેતું અને આશરે ૨૫૦થી ૩૦૦ મુસાફરો સમાઈ શકે એટલું વિશાળ રહેતુ. જેના પર અમે મુસાફરી કરવાના હતા, **(૩) ફાલકો :** આ ભાગ સ્ટીમરના પેટાળમાં રહેતો, જેમાં કાંચથી ફીટ થયેલ બારીઓ જે ખોલી શકાતી નહી, હવાની આવ-જાવ માટે પંખા રહેતા, ફાલકો રેલ્વેના સામાન્ય કલાસ જેવો હતો.

હવે સ્ટીમર પર લગભગ બધા યાત્રાળુ આવી ગયા હતા. સ્ટીમરના કેટલાક ખલાસીઓ દરવાજા બંધ કરી નકુચામાં સાંકળ ભેરવી તાળાથી બંદ કરી, બે વખત તપાસી સલામતીની ચોકસાઈ કરતા હતા.

ઘડિયાલમાં ૧૦ના ડંકા વાગી ગયા અને એક જબરજસ્ત સીટી સંભળાઈ તે સાથે સ્ટીમરના ઘંટમાં ત્રણ ડંકા વાગ્યા. મુંબઈનું બારું (Port) છીછરું હોવાથી સ્ટીમરને બહાર કાઢવા આગળ બે નાની પણ મજબુત લૉંચ જેને "ટગ" કહેવાતી તે સ્ટીમરની લોખંડની સાંકળ સાથે બાંધવામાં આવી હતી. ટગ ધીરે ધીરે સ્ટીમરને દરિયાના મુખ્ય પ્રવાહમાં ખેંચીને લઈ ગઈ, ત્યાર બાદ છુટી થઈ ગઈ.

હવે દૂર-દૂર સ્ટીમર ઉપરથી મુંબઈના ઘરો અને મકાનો નાના રમકડા જેવા દેખાવા લાગ્યા. તે જમાનામાં સ્કાયસ્કેપર ટાવર નહોતા બનતા. બીજી બાજુ વનરાઈઓથી ઘેરાયેલા ડુંગરોની હારમાળા દેખાતી હતી. એક કલાક પછી ચારેબાજુ સમુદ્રના દર્શન થતા હતા અને મલપતી મલપતી અમારી સ્ટીમર સમુદ્રનાં મોજાં કાપતી કાપતી આગળ વધી રહી હતી. સમુદ્રની વિશાળતા જોઈ એક અનોખો અનુભવ થઈ રહ્યો હતો. થોડી થોડી વારે કેટલાક પક્ષીઓ સ્ટીમર પાસેથી કલરવ કરતા પસાર થઈ રહ્યા હતા. આંખો ખેંચવાની ઘણી મહેનત કરી પણ ક્યાં એ મગરમચ્છ કે વ્હેલ માછલીના દર્શન થયા નહીં.

આપણા કચ્છીઓની એક ખાસીયત છે કે ક્યાં પણ ભેગા થઈએ એટલે તરત વાતચીત, ઓળખાણ કાઢવાની શરૂઆત કરી દઈએ. (વધુ આવતા અંકે...)

# મળવા જેવા માણસ...

## શ્રી જયંત લક્ષ્મીચંદ લાપસીયા (રવા-માટુંગા)



મને સપ્ટેમ્બર મહિનામાં એક વેબીનારમાં ભાગ લેવાની તક મળી જેમાં શ્રી જયંત લક્ષ્મીચંદ લાપસીયા (રવા-માટુંગા) પેનલના સભ્ય તથા મોડરેટર હતા. જેમાં વડીલ ગૃહ (ઓલ્ડ એજ હોમ), ધર્મ વગેરે વિષયો અંગેના તેમના વિચારો જાણ્યા અને પ્રકાશ સમીક્ષા માટે તેમની મુલાકાત લેવાનું નક્કી કર્યું .

શ્રી જયંતભાઇ લાપસીયા ક.દ.ઓ. જ્ઞાતિમાં વિશિષ્ઠ વ્યક્તિ તરીકે નામનાપાત્ર છે તથા તેમને અનેક વિષયોનું ઉંડુ જ્ઞાન છે. તેઓ અંગ્રેજી, હિંદી, મરાઠી, તામિલ, મલયાલમ, ગુજરાતી તથા કચ્છી એમ અનેક ભાષાઓ ઉપર પ્રભુત્વ ધરાવે છે. તેઓ છેલ્લા ૩૮ વરસથી અગ્રણી ક્લીઅરીંગ પેઢી યુ.એમ. ખોના ના મેનેજીંગ પાર્ટનર છે. આપણે તેમને ઓલ ઇન્ડિયા રેડિયો ઉપરથી સ્પોર્ટસ બ્રોડકાસ્ટર તરીકે ૧૯૭૮થી નિયમિત રીતે સાંભળીએ છીએ. અને હવે તેમણે વિશેષ કરીને ક્રિકેટ કોમેન્ટરી ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેમને રેડિયો ઉપર સાંભળવા એ ખરેખર એક લહાવો છે. ઇશ્વરે તેમને ઘેરો અને સ્પષ્ટ અવાજ આપ્યો છે જેનો ઉપયોગ તેઓ લોક હિતાર્થે કરી રહ્યા છે. એક રમતવીર તરીકે તેઓએ ક્રિકેટ, ટેબલ ટેનિસ, ટેનિસ અને બાસ્કેટ બૉલની અનેક ટૂર્નામેન્ટસમાં ભાગ લીધો છે તથા અનેક એવોર્ડ તથા ટ્રોફીઓ પ્રાપ્ત કરી છે.

શ્રી જયંતભાઇ મુંબઇ પોર્ટ ટ્રસ્ટના ત્રણ વાર ટ્રસ્ટી પદે રહી ચૂક્યા છે. તેઓ ઓલ ઇન્ડિયા લીક્વીડ બલ્ક ઇમ્પોર્ટસ એન્ડ એક્સપોર્ટસ્ એસોસિએશનના વીસ વર્ષો સુધી પ્રમુખ હતા. તેમણે ચાર વર્ષ સુધી કેડીઓ ક્લાસીકના પ્રમુખપદે સેવા આપી જ્ઞાતિસેવા પણ કરી છે. તેમના કાર્યકાળ દરમ્યાન તેમણે ૨૫૦ જેટલા વડીલોને કચ્છથી પાલિતાણાની યાત્રા કરાવી હતી.

શ્રી જયંતભાઇને સાંભળવા એક લહાવો છે. તેમણે અનેક સભાઓ, સેમિનારોમાં સંબોધન કર્યું છે. તેઓ કોઇપણ વિષય ઉપર વક્તવ્ય આપી શકે એટલા જ્ઞાની છે. પણ તેમના પ્રિય વિષયો ફિલોસોફી, પ્રેરણાત્મક તથા મોટીવેશન રહ્યા છે. વર્તમાનમાં તેઓશ્રી ઇન્ડિયન જીમખાના-માટુંગાના પ્રમુખ, આધ્યાત્મિક-સાંસ્કૃતિક સંસ્થા શ્રી હરિહર પુત્ર ભજન સમાજના પ્રમુખ તથા શ્રી વીરજી લધાભાઇ વિદ્યાર્થીગૃહના ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે.

આવા વિલક્ષણ, જ્ઞાની વ્યક્તિના વિચારોને મુલાકાતમાં વણી લેવાનું કાર્ય ખૂબજ મુશ્કેલ છે. છતાં પણ મેં તેમની વિચાર પ્રક્રિયાને શબ્દોમાં ઉતારવાનો મારાથી શક્ય બન્યો તેવો પ્રયાસ કર્યો છે.

**પ્ર.સ.: મેં એક વેબિનારમાં વડીલગૃહ ન બાંધવા જોઇએ એવો તમારો વિચાર જાણ્યો. આ અંગે આપના વિસ્તૃત વિચારો જણાવશો ?**

**જે.એલ :** વડીલગૃહોનું નિર્માણ કરવાનો હું વિરોધી છું. આજના યુવાનો વડીલોને જવાબદારી સમજે છે અને એટલે તેઓ પોતાની જવાબદારીમાંથી છટકવા માવિત્રોને વડીલગૃહોમાં મોકલી આપે છે. માવિત્રોએ સંતાનોને મોટા કરવા ખૂબજ પરિશ્રમ કર્યો છે પણ જ્યારે તેમને તેમના સંતાનોના સાથની જરૂર હોય છે ત્યારે સંતાનો તેમને વડીલગૃહોમાં મોકલી આપી જવાબદારીમાંથી છટકી જાય છે.

**પ્ર.સ.: જેમના સંતાનો વિદેશમાં સ્થાઇ થયા છે, જેમને સંતાનો નથી અથવા દિકરીઓ છે તેવા માવિત્રો શું કરે ?**

**જે.એલ.:** આપણે વરિષ્ઠ નાગરિક ગૃહોનું નિર્માણ કરીએ, વૃધ્ધાશ્રમોનું નહિં. વરિષ્ઠ નાગરિક ગૃહમાં સ્વેચ્છાએ જેમને રહેવું હોય તે જઇ શકે. જરૂરી ચાર્જ ભરીને ખુશીથી ત્યાં રહી શકે, મજબુરીથી નહિં. સંતાનો પોતાની જવાબદારીમાંથી છટકવા માવિત્રોને છોડી જાય એવા વૃધ્ધાશ્રમોની હું વિરૂધ્ધમાં છું. આજે દિકરા અને દિકરીમાં કોઇ તફાવત નથી રહ્યો. દિકરીઓએ પણ વૃધ્ધ માતા-પિતાની કાળજી લેવા આગળ આવવું જોઇએ.

**પ્ર.સ.: નબળી આર્થિક સ્થિતિ અથવા જગ્યાની સંકડાશને કારણે સંતાનો જો માવિત્રોને વૃધ્ધાશ્રમોમાં મોકલે તો ખોટું નથી એમ તમને નથી લાગતુ ? જેથી રોજીંદા પ્રશ્નોથી મુક્ત થઇ બધા શાંતિથી રહી શકે ?**

**જે.એલ.:** આ નાખી દેવા જેવો વિચાર છે. સંતાનોએ માવિત્રોની સંભાળ લેવી જ જોઇએ. આ તેમની સૌથી પ્રાથમિક ફરજ ગણી શકાય. સાથે સાથે માવિત્રોને પણ પરિસ્થિતિને સમજીને અનુરૂપ થવાનો પ્રયત્ન કરવોજ જોઇએ. આજે ટી.વી. અને સીનેમાની અસરના કારણે સમાજ ખૂબજ તીવ્રતાથી સ્વતંત્રતા, સુવિધા અને સાધનો વિશે જાગૃત બન્યો છે. અગાઉના સમયમાં મર્યાદિત સંસાધનો સાથે બધા સાથે રહેતા હતા અને જીવનને આનંદથી જીવતા હતા. ત્યારે આ સિવાય બીજો વિચાર હતો જ નહિં. જ્યારે આજે સખાવતી વૃધ્ધાશ્રમોની ઉપલબ્ધતાના કારણે ઘણા સંતાનો કે જેમની પાસે મર્યાદિત સંસાધનો છે

તેઓ માવિત્રોને વૃધ્ધાશ્રમોમાં મોકલી આપે છે જેનો હું સખત વિરોધી છું.

**પ્ર.સ.: હવે ધર્મ વિશેના આપના વિચારો જણાવશે ?**

**જે.એલ.:** ધર્મ તમને દિશા અને માર્ગદર્શન આપે છે. ધર્મના કારણે ખોટાં કાર્ય કરતી વખતે તમને ડર લાગે છે. જે વ્યક્તિ દરરોજ મંદિર/ દેરાસર જતી હશે તેને ભગવાનનો ડર અવશ્ય લાગશે. તેને એમ પણ લાગશે જ કે આજે ખોટું કામ કરીને કાલે ભગવાનને શું મોઢું બતાવીશ ? આવો આંતરિક ડર ધર્મના કારણે જરૂર રહે છે.

બધા ધર્મો માણસને સત્કાર્યો કરવાનું જ શીખવાડે છે અને જૈન ધર્મનો અહિંસાનો સિધ્ધાંત તમને વિશેષ શક્તિ, મજબુતી તથા સ્વસ્થ દૃષ્ટિકોણ પ્રદાન કરે છે. આપણે આપણા સંતાનોને નિયમિત રીતે મંદિર / દેરાસરોમાં તથા ધાર્મિક કાર્યક્રમોમાં લઇ જવા જોઇએ. જેથી તેઓ ધર્મ અને સમાજ સાથે જોડાઇ શકે.

**પ્ર.સ.: આપ સ્ત્રી-પુરૂષ સમાનતાના પક્ષધર છો પણ વેબિનારમાં આપશ્રીએ શબરીમાલા મંદિરમાં સ્ત્રીઓના પ્રવેશ અંગે વિરૂધ્ધ મત દર્શાવ્યો આમ કેમ ?**

**જે.એલ.:** હા, હું ૧૦ થી ૫૦ વર્ષની સ્ત્રીઓ શબરીમાલા મંદિરમાં પ્રવેશે એનાથી વિરૂધ્ધ છું. આજ પરંપરા પાછળ વિચાર પધ્ધતિ છે. શબરીમાલા મંદિર, પેરિયાર ટાઇગર રીઝર્વના ખૂબજ અંતરિયાળ વિસ્તારમાં આવેલું છે. જ્યાં પહોંચવા માટે અનેક દિવસ પગપાળા ચાલવું પડે એમ છે. ખૂબજ લાંબી સફર ખેડીને મંદિરમાં પહોંચ્યા પછી યાત્રીઓનું ધ્યાન અન્યત્ર ન દોરવાય એ ખૂબજ મહત્વનું છે.

**પ્ર.સ.: આપ ધાર્મિક છો ?**

**જે.એલ.:** હા, હું ખૂબ જ ધાર્મિક મનોવૃત્તિ ધરાવું છું. હું દરરોજ દેરાસર તથા મંદિરમાં જાઉં છું. ઈશ્વર પ્રત્યેની મારી શ્રધ્ધાને કારણે હું મારા વિચારોમાં સ્પષ્ટ રહું છું તથા ખોટી બાબતો તથા કોઇને પણ થતા અન્યાયની વિરૂધ્ધ હોઉં છું.

**પ્ર.સ.: આપ જ્ઞાતિની શિક્ષણ સંસ્થા સાથે પણ સંકળાયેલા છો, એ અંગેનો આપનો મત જણાવશો ?**

**જે.એલ.:** આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે અનેક સંસ્થાઓ દ્વારા ઘણી બધી સુવિધાઓ ઉભી કરાઇ છે. વિદ્યાર્થીઓ તેમની શૈક્ષણિક જરૂરતો માટે તેનો પુર્ણ રીતે લાભ લે અને પોતાના અભ્યાસની યોગ્ય કાળજી લઇ ઉચ્ચ સફળતા પ્રાપ્ત કરે તથા સુંદર ભવિષ્યનું નિર્માણ કરે એ જરૂરી છે. વાલીઓએ પણ પોતાની આર્થિક સ્થિતિ મુજબ બાળકોને આગળ વધારે, ખૂબજ મોંઘી શાળાઓ તરફ દોટ ન મૂકે એ જોવુ રહ્યું. સારૂં શિક્ષણ કોઇપણ સારી શાળામાં મળી જ રહે છે. એ માટે ખર્ચાળ શાળાઓની જરૂર નથી એ સમજવું રહ્યું.

**પ્ર.સ.: જયંતભાઇ, આપે કિમતી સમય આપી, વિવિધ વિષયો ઉપર આપના મનનીય વિચારો દર્શાવ્યા તે બદલ આપનો હાર્દિક આભાર.**

**– ડૉ. હીરાચંદ દંડ**

**આશાની નદી...**

## ગરીબી વિચારોની

**નિરવ પ્રફુલ દંડ**, ડોંબીવલી
મો.: ૯૮૨૧૬ ૧૭૩૭૭



ગરીબી માનસિક હોય કે આર્થિક તે એક અભિશાપ છે આર્થિક રીતે ગરીબ વ્યક્તિ જીવન જરૂરીયાતની વસ્તુઓ પણ મેળવી શકતો નથી. તેણે પોતાના જીવન માટે, જરૂરીયાતો માટે સંઘર્ષ કરવો પડે છે. આ આર્થિક ગરીબીને દૂર કરવા માટે પણ માનસિક ગરીબીને દૂર કરવાની જરૂર છે. જે વ્યક્તિ પોતાના વિચારોથી જ દીન હોય છે, ગરીબ હોય છે તે લોકો જીવનમાં ક્યારેય ખુશ રહી શકતા નથી. જીવનમાં માણસ પાસે ધન હોય, ભૌતિક સાધન સંપત્તિ હોય પણ મનનાં વિચારો જ નબળાં હોય, મનમાં જ જો અશાંતિ હોય તો આવી વ્યક્તિ જીવનમાં સુખી ન રહી શકે. આપણાં દેશમાં આર્થિક ગરીબી કરતાં માનસિક ગરીબી વધારે છે. કેટલાક લોકો આશાહીન, હતાશાપૂર્ણ, ઉદાસીન જીવન ગુજારે છે. આ નકારાત્મક વિચારો જ માનસિક ગરીબાઇ છે એવા ઘણાં બધાં ગરીબો છે જે પોતાની ગરીબાઇને દૂર કરી શકે છે પણ માનસિક રીતે તેમણે હાર માની લીધી છે, એટલે કે તેમનાં મનમાં એવું પેસી ગયું છે કે તેઓ જન્મ્યા પણ ગરીબ તરીકે હતા અને મૃત્યુ પણ ગરીબ તરીકે જ પામશે. આવો ભ્રમ અને પૂર્વાગ્રહ દૂર કરવા વ્યક્તિએ પોતાના વિચારોને બદલવા જોઇએ. જો વ્યક્તિ ચાહે તો આર્થિક અને માનસિક ગરીબી એમ બન્ને પ્રકારની ગરીબીને દૂર કરી શકે છે પણ જરૂર છે નકારાત્મક વિચારોને આશાવાન બનાવવાની, આળસને બદલે મહેનત કરવાની.

આરોગ્ય પ્રકાશ

# આરોગ્ય માટે હાનીકારક ઘરની કેટલીક વસ્તુઓ - ૨

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



**મીઠું (નમક) :** આખા દિવસમાં એક જણ માટે ૧ ચમચી (પાંચ ગ્રામ)થી વધારે મીઠું ખાવાથી વાળ ધોળા થવા, શરીર પર ખંજવાળ, હાઇ બી.પી., કીડનીને નુકશાન જેવી અનેક સમસ્યા ઉત્પન્ન થાય છે. આયોડાઇઝડ મીઠું જેમને આયોડીનની ઉણપ હોય તેમને માટે જ યોગ્ય. સિંધવ નમક વાપરવું ઉત્તમ. એકદમ મીઠું બંદ કરવાથી પણ આરોગ્યને નુકશાન. બજાર, ખોરાકમાં, પેકેટસ, ફરસાણમાં સાકર, પ્રીઝરવેટીવ, કેમીકલ અને નમકનું પ્રમાણ વધુ જ હોય છે તેથી તે ટાળો.

**દૂધ :** હવે દુધ શુધ્ધ મળતું મુશ્કેલ થઇ ગયું છે. જર્સી ગાયનું દૂધ આરોગ્યદાયી નથી. મિલાવટથી લઇને નકલી દૂધ મળે છે. દૂધાળુ પ્રાણીઓને વધુ દૂધ મેળવવા ઓક્સીટોસીનના ઇન્જેક્શન અપાય છે, એ દૂધ દ્વારા આપણા શરીરમાં જાય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઇઝેશને ચેતવણી આપી છે કે લગભગ ૬૯% દૂધની થેલીઓમાં કેમીકલ્સ અને બીજી મિલાવટ હોય છે, તેથી ૮ વર્ષમાં ભારતમાં ૮૭% લોકોને કેન્સર થશે. નાના બાળકો સિવાય દૂધ પીવું જરૂરી નથી. બદામનું દૂધ ઘરે બનાવીએ તો તેજ કિંમતે પડે છે. ૧ લીટર માટે રાત્રે ત્રણ કપ પાણી ઉકાળો તેમાં ૫૫-૬૦ નંગ બદામ નાખો સવારે છાલ કાઢી મિક્સરમાં થોડું પાણી નાખી ફાઇન પીસી લ્યો. બિલ્કુલ પિસાઇ જાય ત્યારે થોડું થોડું પાણી ઉમેરતા જઇ પ્રવાહી રૂપ બનાવો. કુલ ૧ લીટર થાય એટલું પાણી નાખો. દૂધ તૈયાર પણ સ્વાદ માટે દેશી ગોળ, ખજુર, કિસમિસ, અંજીર ઉમેરી પીવાના ઉપયોગમાં લ્યો. આની ચા પણ સારી બને છે. ચા પત્તી પાણીમાં ઉકાળો ઉકળે એટલે બદામનું દૂધ ઉમેરી પીઓ.

**મધ :** અસલી મધ મળવું મુશ્કેલ છે. સાકર નાખેલ નકલી મધ બજારમાં બાટલીઓ ભરી ખડકાયેલ હોય છે. આટલું અસલી મધ બનતું જ નથી. તે બગડે નહીં તે માટે એન્ટીબાયોટીક્સ, પ્રીઝરવેટીવ નાખવામાં આવે છે જે આપણે લઇએ તો ઝેર સમાન છે. સાકરને લીધે વજન ઘટવાને બદલે વધે અને બીજી આરોગ્યની સમસ્યા થાય. એક વર્ષથી નાના બાળકને મધ આપવાથી ક્લોસ્ટ્રીડિયમ બોટુલિયમ નામના હાનીકારક બેક્ટેરીયાની સંખ્યા વધી જાય છે જેને કારણે બાળકના સ્નાયુઓ અશક્ત થાય છે.

**ઘઉં :** ઘઉંમાં એલર્જિન અને ગ્લુટેન હોય છે જે પચાવવું સહેલું નથી. ઘઉંથી આરોગ્યની ઘણી સમસ્યાઓ થાય છે. નાના બાળકોને ઘઉંની વસ્તુઓ ન આપવી. બાળકોને ઘન પદાર્થ શરૂ કરવા ચોખાનો ઉપયોગ કરો. ઘઉંને બદલે બાજરી, ચોખા, જુવાર, જવનો ખાવામાં ઉપયોગ કરીએ જેથી આરોગ્ય સારૂં રહે. જવમાં ફોસ્ફરસ, સેલીસિલીક એસીડ, પોટેશ્યમ તાંબુ, ફેયશ્યમ (દૂધ કરતાં પણ ૧૧ગણુ વધુ, સરગવાના પાનમાં દૂધ કરતાં જ ગણું વધુ) પ્રોટીન વધુ હોય છે. જવનો ઉપયોગ હૃદયની, કીડની, લીવરની બિમારીથી બચાવે, હાડકાં અને દાંત મજબૂત થાય. લોહીમાં શર્કરાનું પ્રમાણ બરાબર રહે. તેમાં સોલ્યુબલ ફાઇબરની માત્રા ઉચ્ચ પ્રમાણમાં, સાકર અને ચરબી નહિંવત તેથી વજન ઘટાડે, પ્રતિકાર શક્તિ વધારે. જવનું પાણી, જવની રોટલી, જવના ફાડાની ખીચડી, સૂપ લઇ શકાય. ઘઉંનો ત્યાગ આપણને ઘણી બિમારીથી બચાવશે. જવના જ્વારા કેન્સરને પણ ભગાડી શકે છે.

**ચોકલેટ, કેડબરી, પીપરમીન્ટ :** સાકર, કેમીકલ્સ, પ્રીઝરવેટીવ અને કેફીન હોવાથી આ બહારની ચીજો આરોગ્યને નુકશાનકારક છે. કેડબરી એ બાળકોની પ્રિય વસ્તુ છે તેનાથી તેમને વંચિત ન કરવા હોય તો ખડીસાકરનો ૧ તાર પાક કરી તેમાં મિલ્ક પાવડર + કોકો પાવડર ૩:૧ના પ્રમાણમાં ઉમેરો અને સહેજ ઘરનું માખણ (પીગાળી રાખેલું) ઉમેરતાં ૫ સ્ટાર જેવી મસ્ત કેડબરી બનશે.

**પ્લાસ્ટીકની વસ્તુઓ :** પ્લાસ્ટીકની વસ્તુઓનો ઉપયોગ એટલો વધી ગયો છે કે પર્યાવરણની સાથે આપણા આરોગ્યને પણ નુકશાન કરે છે. હલ્કી કક્ષાના પ્લાસ્ટીકમાં બિસ્ફેનોલ A (BPA) નામનું કેમીકલ હોય છે જે ખાદ્ય સાથે ભળીને આપણા શરીરમાં જઇ આરોગ્યને નુકશાન કરે છે. નાની મોટી તકલીફથી લઇ થાઇરોઇડ, કેન્સર થઇ શકે. તેના બદલે સ્ટેનલેસ સ્ટીલ અને કાચની વસ્તુઓનો ઉપયોગ કરી માઇક્રોવેવ (વાપરવું એ જ નુકશાન કારક છે)માં પ્લાસ્ટીકના વાસણનો ઉપયોગ અતિ હાનીકારક બને છે.

**ફ્રીજ :** ફ્રીજ ઠાંસોઠાંસ ભરેલું રાખો તો તેની અંદરની ચીજો નથી તાજી રહેતી કે નથી બેક્ટેરીયા રહિત રહેતી. ફ્રીજના ઠંડા પીણા, બરફ, આઇસ્ક્રીમ કે સાદુ ઠંડુ પાણી પાચન

ઘટાડી આરોગ્યને નુકશાન કરે. ગળું અને નાક ઠંડુ થવાથી વાયરસ (કોરોના), બેક્ટેરીયા, ગળામાં, નાકમાં ચોંટી શરીરમાં ફેલાય છે.

**એરકંડિશનર :** ફક્ત વાતાવરણ ઠંડુ બને એટલો જ ઉપયોગ કરીએ તો ઉત્તમ બાકી આખી રાત કે દિવસ ચાલુ રાખીએ તો સાંધાના દુખાવા થાય છે. ઘરમાં કોઇને શરદી કે કફ થયો હોય કે બેક્ટેરીયા વાયરસ (કોરોના) જેવી બિમારીનો ચેપ જલ્દી ફેલાય છે.

**એરફ્રેશનર, સુગંધીત દિવા, અગરબત્તી, ડિયોડરન્ટ્સ, પરફ્યુમ્સ :** આ સર્વે સીધી રીતે હાનીકારક નથી પણ તેમાંથી નીકળતા વાયુઓ ઘરની હવા હાથે સંયોજાઇ આરોગ્ય માટે નુકશાનકારક તેમાં સાઇટ્રસ અને પાઇન નામના સુગંધિત દ્રવ્યો હવા સાથે સંયોજાઇ ફોર્મલડિહાઇડ વાયુ ઉત્પન્ન કરે જે આંખમા બળતરાથી માંડી અસ્થમા અને બીજા આરોગ્યની સમસ્યાઓ કરે. બેન્ઝોટોલ્યુઇન જેવા બીજા ડઝનબંધ જોખમી વાયુઓ નીકળે જે આરોગ્યને હાનિ કરે.

આ સર્વ બાબત પર લક્ષ આપી આપણે આપણા જીવનમાં ફેરફાર કરી આ નુકશાનથી આપણે બચીએ અને આરોગ્ય સંભાળીએ.

## શૈક્ષણિક સહાય




શિક્ષણ હમેંશા દરેક જ્ઞાતિ માટે ખૂબજ અગત્યનો અંગ બંની રહ્યો છે. જે જ્ઞાતિમાં શિક્ષણ છે ત્યાં પ્રગતિ છે તે પણ હકીકત છે. મારો પોતાનો દાખલો લઊં તો મારા કુટુંબની કોઇપણ પરિસ્થિતી ન હતી કે મને શિક્ષણ આપી શકે પરંતુ મારા મામા તથા જ્ઞાતિની સંસ્થા લાલજી રામજી બુક બેન્ક યોજનાથી આજે સી.એ. બનીને સારી રીતે જીવન નિર્વાહ ચલાવી રહ્યો છું તથા હવે અમારા કુટુંબને કોઇપણ શૈક્ષણિક સહાયની જરૂર નથી. આમ સંસ્થાઓનો ફાળો ખૂબજ અગત્ય રહ્યો છે તે હકીકત છે. આજનું શિક્ષણ ખૂબજ મોઘું છે એ પણ એક હકીકત છે. આવા સંજોગોમાં મારા મંતવ્ય મુજબ શૈક્ષણિક સહાય લોન-સ્કોલપશીપ દ્વારા આપવામાં આવે તો સારૂ રહેશે.

સામાન્ય રીતે શાળાઓ છ મહિનાની ફી એક સાથે આપવા જણાવે છે તો એ વખતે જો સંસ્થા તેમને લોન સ્વરૂપે આપે તથા વાલીઓને તે છ મહિનાના હપ્તામાં ચૂકવવા જણાવે તો ઘણા કુટુંબીને વાંધો આવવો ન જોઇએ તે સિવાય જો સંસ્થાને એવું લાગે કે વાલીની બિલકુલ પરિસ્થિતી નથી તો તેમને અડધી સહાય તથા અડધી રકમ લોન સ્વરૂપે આપવાથી તેનાં ઘણા પ્રશ્નોનાં સમાધાન થઇ રહેશે. આમ કરવાથી વાલીઓ પણ થોડી જવાબદારી ઊપાડતા થઇ જશે. ફક્ત થોડાજ કિસ્સામાં પૂર્ણપણે સહાય આપવું સારૂ રહેશે.

તે સિવાય જ્યારે આપણી જ્ઞાતિ માઇનોરીટી કમ્યુનીટીમાં આવતી હોવાથી સરકાર દ્વારા મળતા જો કોઇ લાભો હોય તો તે લેતાં પણ અચકાવવાની જરૂર નથી. આપણે અનેક ભાઇઓ ઇન્કમટેક્સ વગેરે ભરે જ છે અને સરકાર જે સહાય આપે છે તે આપણે ટેક્ષ ભરીએ છીએ તેમાંથી કરે છે તો પછી સહાય લેવામાં શા માટે વાંધો હોવો જોઇએ. તેના માટે જરૂરી પગલા જલ્દીથી લેવા જોઇએ.

– **પદમકુમાર પોલડિયા,** ડુમરા – અનંતછાયા

મો.: ૯૮૨૦૪૧૩૧૪૧

### વિશેષ નોંધ :

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

### Thank You Kdo Community For Providing Help For Education

I am also beneficiery, studied in VLVG Hostel. Its true that education becomes costly day by day, and our KDO Community helping as much as possible to needy. My suggestion is that by providing help, income criteria should taken into account, so that undue advantage can not be taken. One of my friend, helping by asking for electric bill etc. To determine eligibility.

Also help for higher education should be returnable so that next one is take benefit for the same and chain continue.

**- Narendra Nagda,**

Mob.: 9320433669

જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ

શ્રી કુંથુનાથ જીનાલય રાયપુરમાં વિરાજમાન પાંચ દેવીઓ શ્રી મહાકાળી માં, શ્રી ચકેશ્વરી માતા, શ્રી પદ્માવતી માતા, શ્રી સરસ્વતી માતા, શ્રી લક્ષ્મી માતાને નવરાત્રીના નવ દિવસ માતાજીની ભક્તિ દાંડિયા રાસની રમઝટ ઉજવણી કરી તેમાં કુમારી ખુશ્બુ દીપક લાલકા અને કિરણ કીર્તિ પોલડીયાનો વિશેષ સહયોગ મળ્યો.

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘ (મહાજન)

શ્રી શંત્રુજય તીર્થ પાલિતાણામાં આદિનાથ હોસ્પિટલનું નિર્માણ કાર્ય ચાલુ છે. જ્યાં પૂ. સાધ્વીજી ભગવંત, સાધુ ભગવંત આદિ સાથે બીજા વ્યક્તિઓનું પણ ઉપચાર થશે. આનું સંચાલન ''વર્ધમાન જિનેશ્વર સેવા ટ્રસ્ટ'' દ્વારા થઇ રહ્યું છે. જેમાં બાહ્ય રોગી વિભાગ (O.P.D.)ના લાભાર્થી પરીવાર સૌ. જ્યોતિબેન રાયચંદ છેડા પરીવાર (નલીયા-સિહોર) હસ્તે અ.સૌ. રશ્મિ જૈન, અમદાવાદ અને અ.સૌ. પ્રિતી યશવંત છેડા (ભાટાપારા)એ પ.પૂ. સાધ્વીજી ગણ શશીપ્રભાજી મ.સા., સમયકદર્શનાશ્રીજી મ.સા.એ શ્રી કનકપ્રભાશ્રીજી મ.સા.ની પ્રેરણા થી રૂા. ૧,૧૧,૦૦૦/- નું આપેલ છે.

### શ્રી અજીતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી

મહાજનવાડીમાં ભોજનશાળા તા. ૧-૧૧-૨૦૨૦થી શરૂ કરેલ છે. સવારના ચા-નાસ્તો રૂા. ૩૦/-, બપોરના જમવાના રૂા. ૫૦/-, સાંજના ચોવિહાર રૂા. ૪૦/-. શ્રી સંઘના દલતુંગી વાસી વડીલો (૭૦ વર્ષથી વધુ) પાસેથી કોઇપણ જાતનો ચાર્જ નહીં લેવામાં આવે.

### શ્રી અજીતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી

દલતુંગી મુકામે દેરાસર પરિસરમાં ''કુરમા શિલા સ્થાપના વિધી'' સોમપુરા શ્રી અશોકભાઇ વસાણી તથા ટ્રસ્ટી શ્રી ઉત્તમચંદ માલદેની દેખરેખમાં થયેલ છે. ખૂબજ ટુંક સમયમાં દેરાસર પરિસરમાં અન્ય બે નયનરમ્ય મંદિર બનશે જેમાંથી એકમાં શ્રી પદ્મમાવતી દેવી, શ્રી ચક્રેશ્વરી દેવી અને શ્રી મહાલક્ષ્મી દેવી તથા બીજામાં શ્રી ભોમિયાજી દેવ, શ્રી નાકોડા ભૈરવ દેવ અને શ્રી ઘંટાકરણ મહાવીર દેવની પ્રતિમાની સ્થાપના કરાશે.

આ પ્રસંગે કાંતિભાઇ, પ્રવિણભાઇ, માણેકજીભાઇ, રતિલાલભાઇ, નરેન્દ્રભાઇ અશોકભાઇ યુવા કાર્યકર વિજયભાઇ અને અલ્પેશભાઇ તથા કિશોરભાઇ પુજારી અને બહેનો તથા અન્ય ગામવાસીઓ હાજર હતા.

### એચડી ફાયર પ્રોટેક્ટને શ્રેષ્ઠતા ક્રમાંક

ભારતના મીડિયમ સ્કેલ એમ.એસ.એમ.ઇ. પ્રતિષ્ઠાનોમાં યંત્ર નિર્માતા શ્રેણીમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે ઇકોનોમિક ટાઇમ્સ દ્વારા આયોજીત ઇટીરાઇઝ પરફોર્મેન્સ મેટ્રિક્સમાં પાંચમી રેન્ક એનાયત કરાઇ છે.

એચડી ફાયર પ્રોટેક્ટ ફાયર ફાઇટિંગ સાધનોની વ્યાપક શ્રૃંખલાનું ડિઝાઇનિંગ અને ઉત્પાદન કરે છે.અત્રે નોંધ લેવી ઘટે કે એચડી ફાયર ફાયર પ્રોટેક્ટ પ્રા. લિ. વિશે ઇન્ડસ્ટ્રી આઉટ લુક મેગજીનના નવેમ્બર-૨૦૨૦ના અંકમાં મુખ્ય લેખ રજુ કરાયો છે જે આ અંકમાં પ્રકાશિત કરેલ છે.

આપણી જ્ઞાતિના શેઠ હરીશ નરશી ધરમશી (સુથરી-મુલુંડ)નું પ્રતિષ્ઠાન છે. (પ્રકાશ સમીક્ષાના અભિનંદન.)

### નીતેશ નાગડા હોલીવુડના પ્રોજેક્ટમાં

મહેંદી ક્વીન વીણા નાગડાના પુત્ર નીતેશને સ્ટીવન સ્પીલબર્ગની ફિલ્મ 'રેડી વન''ના નિર્માણમાં ભાગ લેવાની તક મળી. ફિલ્મ સફળ રહી. સ્ટીફન સ્પીલબર્ગના એક નવા પ્રોજેક્ટ ''રેડી પ્લેયર''માં નીતેશને 'વીએડી' આર્ટિસ્ટની જવાબદારી સોંપવામાં આવી. ફિલ્મ પૂરી થઇ ગઇ છે. આમાં નીતેશને મોડલિંગ, લાઇટિંગ અને લુક ડેવલપમેંટ સંબંધી કામગીરી સોંપાઇ હતી. નીતેશને નાનપણથી કળામાં રૂચિ હોઇ કાર્ટુન, કેરીકેચર વગેરે કળા પ્રયોગોમાં નામના મેળવી

MEDI-CLAIM EXPERT
CLAIMS SETTLEMENT
• REJECTED / DELAYED CLAIMS
• POLICY FROM ALL COMPANIES COVERED
CONTACT EXPERT : 98208 53112

લગ્ન સંબંધી
મુંબઇ સ્થિત સુખી ક.દ.ઓ. જૈન પરિવારના યુવક ઉ. વર્ષ ૩૪, સ્વતંત્ર વ્યવસાય ધરાવનાર (નિર્દોષ છૂટાછેડા) યુવક માટે યુવતીના વડીલો સંપર્ક કરે.
સંપર્ક : 81695 15978

હતી. ટાઇટન કંપની દ્વારા આયોજિત સ્પર્ધામાં ભાગ લઇ દ્વિતીય પુરસ્કાર મેળવ્યું હતું.

### શતાયુ પુરબાઇ મા-સાંધવની તપસ્યા

સાંધવ નગરે શાંતિનાથ દાદાની શીતલ છાયામાં પ.પૂ. મુનિરાજ શ્રી આર્યરત્ન સાગરજી મ.સા.ની શુભ નિશ્રામાં ૧૦૦ વર્ષના પુરબાઇ મા (પુરબાઇ પદમશી દંડ, વરાડીયા) આયંબીલ તથા એકાસણાની તપસ્યા કરી રહ્યા છે. આ ઉમરે પણ મા તંદુરસ્ત છે.

### અનંતનાથજી જૈન કોમ્પલેક્સ, કાંજુરમાર્ગ

આસો માસની શાશ્વતી આયંબિલની ઓળી માતોશ્રી પુષ્પાબેન દામજી લોડાયા ગામ બાંડીયાએ લાભ લીધેલ હતો આયંબિલની ઓળીની વ્યવસ્થા શા. દિલીપભાઈ દામજી લોડાયાના ઘરે કરાવવામાં આવી હતી. પૂર્ણ આયંબિલ ઓળીમાં ૮૫ આયંબિલ થયા.

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ

૪ નવેમ્બર ૨૦૨૦ ના દિવસે મંડળની સ્થાપનાને ૩૦ વર્ષ પુરા થયા એ નિમિત્તે એક વિશેષ પ્રોગ્રામ રાખવામાં આવ્યું જેમાં શ્રી કુંથુનાથ દાદાની ભવ્ય આરતી અને જીવદયા રૂપે સડક ઉપર ઘુમતી ગાયોને રોટલી ખવરાવામાં આવી.

## જીંદગી ઢળતી જાય છે...

ટેકનિકલ ખામીને કારણે, સૂર્યોદય નહી થાય.
આકાશમાં શું ક્યારેય, આવું લખેલુ પાટીયુ દેખાય ?
માંદો હોવાને કારણે, આજે ચંદ્ર નહિ દેખાય.
શુ રાત્રે આવા સમાચાર,ગગન મા ફ્લેશ થાય?
બિલાડીને ઘુટણમાં વા થયો છે એનાથી ઊંદર નહિ પકડાય
દરરોજ બે વાર મુવ લગાડે, તો જ કંઇક થશે ઉપાય...
ભમરાના પગે છાલા પડયા છે હવે ફુલ પર નહી બેસાય.
એની એડીએ ક્રેક ક્રીમ લગાવો, તો જ ફૂલ જોડે પ્રેમ થાય...
વાઘને આંખે મોતિયો આવ્યો એટલે એને શિકાર નહિ દેખાય.
એનુ ઓપરેશન તો થાય, પણ ડોક્ટર વાઘથી બહુ ગભરાય.
હાથીને કેળાની લાલચ ના આપો હવે એ કેળા નહિ ખાય
ભાઇ, ડાયેટિંગ ચાલે છે એનું, પછી કેટલુ વજન વધી જાય?
આ દુનિયા આખીમાં બધા જીવો, સરળતાથી જીવી જાય.
શુ માણસનું જ આખુ જીવન બસ ફરિયાદોમાં જ પુરું થાય ?
જીવનમાં જેટલી ફરિયાદો ઓછી એટલા તમે વધારે સુખી...
મોજ થી જીવી લેવુ સાહેબ...કેમ કે રોજ સાંજે સૂરજ નહી
પણ આ અનમોલ જીંદગી ઢળતી જાય છે...

સંકલન : **કુમાર દંડ**, ભાંડુપ

## ૧૪મી પુણ્યતિથિએ સ્મૃતિવંદના

જન્મ (બાંઢીયા)
આષાઢ વદિ ૬
સં.૧૯૯૬
દીક્ષા (પાલીતાણા)
મહા સુદ ૫ સં.૨૦૧૬



સ્વર્ગારોહણ (ભૂજ)
આસો વદિ ૧૨
સં. ૨૦૬૨

**શાસન પ્રભાવિકા ગુરૂવર્યા પૂ.સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**

વાત્સલ્યથી છલકાતા... ભક્તિભાવથી ભરપુર...
સ્વાધ્યાયમાં લયલીન... કર્તવ્ય પાલનમાં કઠોર...
સંયમ સાધનામાં અડગ... સરળતા... સહજતા... અને સમતા...
ના ત્રિવેણી સંગમ ઉપર સુશોભિત જીવન જ જેમનું તીર્થસ્વરૂપ હતું
એવા
શાસન પ્રભાવિકા પ.પૂ.સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની
છઠ્ઠી સ્વર્ગારોહણ તિથી પ્રસંગે ચરણકમળમાં કોટિ કોટિ વંદના....
આપની અમીદૃષ્ટિ અને કૃપાવૃષ્ટિ
અમારા ઉપર સતત વરસતી રહે એજ અભિલાષા.

-: શ્રધ્ધાસુમન :-

**સા. ગુણલક્ષ્મીશ્રીજી, સા. જયધર્માશ્રીજી**
**સા. જયદર્શિતાશ્રીજી, સા. હિમાંશુશ્રીજી** તથા
**શ્રીમાન હિરાચંદ અરજણ પટેલ પરિવાર**
(બાંઢિયા-ઐરોલી)

## ''ભજીયા''

**રાગ : તું મને એક વરદાન આપી દે**

એક વરદાન મને તું બટેટાના ભજીયાનું આપી દે
જ્યાં રહું હું ત્યાં મળે મને રોજ ભજીયા રે
હું જીવું છું બટેટાના ભજીયા ખાવાને માટે
જીંદગીમાં ભજીયા ખાઇને મને ધરાઇ જવા દે
મળે ભજીયા તો મટી જાય મારા રોજના કજીયા રે.. જ્યાં
મુંબઇ શહેરના ખૂબ વખણાય છે બટેટાના ભજીયા
મરચાં, કાંદા ને બટેટાના ભજીયા સાથે પાઉં પણ મળે
ગરમા ગરમ, સારા ને સસ્તાં સાથે ચટણી ને મરચાં મળે
મસાલાવાળી કડક ચા સાથે મેળાપ કરાવી દે... જ્યાં
જ્યાં લગી છે જોમ શરીરમાં ત્યાં સુધી ખાઇ લઉં ભજીયા,
જોમ જાતાં સૌ કોઇ કરશે, મારી સાથે ભજીયા માટે કજીયા
બસ મારી આટલી અરજીનો તું સ્વીકાર કરી લે
બાકી વધેલી જીંદગીમાં તું ભજીયા ખવડાવી દે... જ્યાં
કેમ બચું આ પાપથી એનો ઉપાય બતાવો તમે
જનમ મરણના આ ફેરા મારા ફોગટ ગયા એળે
આખરી ઇચ્છા મારી તું આ પૂરી કરી દે
ઠંડા કે ગરમ કોઇપણ ચાલશે તું ભજીયા ખવડાવી દે... જ્યાં
મને ભજીયા ખવડાવ્યા ને ખાધા છે એનો ઉપકાર નહી ભૂલું
કર્યું છે કામ એણે ભલાઇનું એનો આભાર માનું ઘણો
ભજીયા ખાઇને કર્મો ખપાવવા આવું તમારી પાસ.
જેથી મટી જાય મારા ભવોભવના પાપ... જ્યાં
ભજીયા ખાતા છૂટે મારા શ્વાસ એવું હું માગું છું.

**– દમયંતી વી. દંડ**, 'અદીન'

## હબાયનું પવિત્ર કુદરતી કુંડ

રળિયામણા ડુંગરાઓ વચ્ચે વસેલા હબાય ગામમાં વાઘેશ્વરી માતાજીના પરિસરમાં આવેલું કુદરતી કુંડ સદા પાણીથી છલોછલ રહે છે. આ અદ્દભુત પાણીના કુંડમાં દુકાળ દરમિયાન પણ પાણી ભરેલું રહે છે જેને ભાવિકો પ્રસાદ તરીકે ગ્રહણ કરે છે.

આ કુંડની દર વરસે ભીમ અગિયારસના દિને સફાઇ કરાય છે. ત્યારે જ ખાલી રાખવામાં આવે છે. સફાઇ બાદ કુંડના ભોંયરામાંથી માતાજીના ગર્ભગૃહમાં જઇ માતાજીનો અભિષેક કરાય છે. ત્યારબાદ કુંડના જળ સ્ત્રોતને ખોલી દેવાય છે જે થોડા જ સમયમાં કુંડને છલકાવી છે.

## વૉલ ઑફ યૂનિટી

સ્ટેચ્યૂ ઑફ યૂનિટી, સરદાર પટેલની વિરાટ પ્રતિમાની પાસે બનાવવામાં આવેલી 'વૉલ ઑફ યૂનિટી'ના નિર્માણમાં મુખ્ય ફાળો કચ્છના કારીગરોનો છે.

કચ્છની હુનર શાળાની તાલિમ પામેલા વિદ્યાર્થીઓએ તૈયાર કરેલી 'વૉલ ઑફ યુનિટી'નું નિર્માણ દેશના બધા જ રાજ્યોમાંથી માટી લાવી લાર્સન એન્ડ ટૂબ્રો (એલએન્ડટી)ના ટેક્નીકલ નિરીક્ષણ હેઠળ સ્ટેબિલાઇઝ્ડ રેમ્ડ અર્થ પધ્ધતિથી કરવામાં આવ્યું છે. આ કારીગરોમાં કેટલાક મધ્યપ્રદેશના પણ છે.

## 'ત્રિનેત્ર : તેજ'નું વિમોચન

